પ્રેમાનંદકૃત.

# સુદામાચરિત્ર.

પ્રગટ કર્તા

કપડવંજના મિત્રમંડળ મુદ્રાયંત્રના માલિકે

કપડવંજ

મિત્રમંડળના મુદ્રાયંત્રમાં મુદ્રિત કર્યું

સંવત ૧૯૫૪ સન ૧૮૯૮

કીમત ૨ આના.

૬૮૯૨

પ્રેમાનંદકૃત

# સુદામા ચરિત્ર.

## કડવું ૧લું—રાગ આશાવરી.

શ્રીગુરૂદેવ ને ગણપતિ, સમરૂં અંબા ને સરસ્વતી;
પ્રબળ ગતી, વિમળ, મતી આતે પામીયે રે.

**ઢાળ.**

શુકસ્વામી કહે સાંભળ રાજા, પરીક્ષત પુણ્ય પવિત્ર;
દશમસ્કંધ અધ્યા હેંશીમે, કહું સુદામાચરિત્ર.
સંદીપનરૂષિ સુરગુરૂ સરખા, વિદ્યાવંત અનંત;
તેને મઠ ભણવાને આવ્યા, હળધર ને ભગવંત.
તેનિ નિશાળે વંડા વિદ્યારથી, રૂષિ સુદામો કહાવે;
પાટી લખી દેખાડવામાં રામ કૃષ્ણ, સુદામા પાસે આવે.
સુદામો સ્યામ શંકરષણ, અન્ન ભિક્ષા માગી લાવે;
એકઠા બેશી અશન કરે તે, ભુધરને મન ભાવે.
સાથે સ્વર બાંધીને ભણતા, થાય વેદની ધુન્ય;
એક સાથરે શયન કરતા, મોરલિધર બળ મુન્ય.
ચોસઠ દહાડે ચૌદ વિદ્યા, શિખ્યા બેઉ ભાઈ;
ગુરૂને ગુરૂદક્ષણા આપી, વિઠ્ઠલ થયા વિદાઇ.
કૃષ્ણ સુદામો ભેટી રોયા, બોલ્યા વિશ્વાધાર;
માનુભાવ ફરીને મળજો, માગું છું એકવાર.
ગદ ગદ કંઠે કહે સુદામો, માગું દેવ મુરારી;
સદૈવ તમારા ચરણ વિષે, મનસા રહેજો મારી.
મથુરામાંથી કૃષ્ણ પધાર્યા, પૂરી દ્વારિકા વાસી;
સુદામે ગૃહસ્થાશ્રમ માંડયો, મન જેનું સંન્યાસી.
પતિવ્રતા પતિ છે પાવન, પતિને પ્રભુ કરિ પ્રીછે;

સ્વામીસેવાનું સુખ વાંછે, માયાસુખ નવ ઇચ્છે,
દશ બાળક થયાં સુદામાને, દુઃખ દારીદ્રે ભરિયા;
શીતળાએ અમીછાંટો નાંખ્યો, થોડે અન્ને ઉછરિયાં
અજાચક વ્રત પાળે સુદામો, હરિ વિના હાથ ન ઓડે;
આવી મળ્યું તો અશન કરે, નહિ તો ભુખ્યાં સાથરે પોઢે.

## વલણ.

પોઢે રૂષિ સંતોષ આણિ, સુખ ન ઇછે ઘરસૂત્રનું;
રૂષિપત્નીભિક્ષા માગીને લાવે, પુરું પાડે પતિ પુત્રનું.

## કડવું ૨ જું—રાગ વેરાડી.

શુકજી કહે સાંભળ નરપતિ, છે સુદામાની નિર્મળ મતિ;
માયાસુખ નવ ઇછે રતી, સદા મન છે જેનું જતી.
મુનિનો મર્મ કોઇ નવ લહે, સહુ ઘેલો ઘેલો દરિદ્રી કહે;
માગ્યા વિના કોઈ કેમ આપે, ઘણે દુઃખે કરી દેહ કાંપે.
ભિક્ષાનું કામ કામિનિ કરે, કોના વસ્ત્ર ધુએ ને પાણી ભરે;
જેમ તેમ કરીને લાવે અન્ન, નિજ કુટુંબ પોખે સ્ત્રીજન.
ઘણા દિવસ દુઃખ ઘરનું રહ્યું, પુરમાં પછે અન્ન જડતું રહ્યું;
બાળકને થયા બે ઉપવાસ, ત્યારે સ્ત્રી આવી સુદામા પાસ.
હું વિનવું જોડી બે હાથ, અબળા કહે સાંભળિયે નાથ;
બાળક ભૂખ્યાં કરે રૂદન, નગરમાં નથી મળતું અન્ન.
ન મળે કંદ મૂળ કે ફળ, બે દિવસ થયાં લેઈ રહે જળ;
સુખ સજ્યા ભૂષણ પટકુળ, પ્રભુ કયારે થશે સાનુકુળ.
ભૂખ્યાં બાળક જુએ માનું મુખ, સ્ત્રી કહે સ્વામીને દુઃખ;
હું કહેતાં લાગીશ અળખામણી, સ્વામી જુઓ આપણા ઘર ભણી.
ધાતુપાત્ર નહીં કર સહાવા, સાજું વસ્ત્ર નથી સમખાવા;
જેમ જળ વિણ વાડિ ઝાડુવાં, તેમ અન્ન વિણ બાળક બાડુવાં.
વાયે ટાઢ બાળકડાં રૂએ, ભસ્મમાંહિ પેશીને સુએ;
હું તે ધીરજ કેઇ પેરે ધરૂં, છોકરાંનું દુઃખ દેખીને મરૂં.
નીચાં ઘર ભીંતડિયો પડી, શ્વાન માંજાર આવેછે ચડી;
અતિથી ફરી નિર્મુખ જાય, ગવાંનીક નવ પામે ગાય,

કરોછો મંત્ર ભણીને સેવ, નૈવેદ વિના પૂજોછો દેવ;
પુજ્ય પરવણી કો નવ જમે, જેવો ઉગે તેવો આથમે.
આ બાળક પરણાવવાં પડશે, સતકુળની કન્યા ક્યાંથી જડશે;
શ્રાદ્ધ સંવત્સરી સઉકો કરે, આપણા પિત્રી નિર્મુખ ફરે.
અન્ન વિના પુત્ર મારે વાંગલાં, તો ક્યાંથી ટોપી આંગલાં;
અબોટિયું પોતિયું નવ મળે, સ્નાન કરેછે શીતળ જળે.
નખ વાધ્યા ને વાધી જટા, માંહિ ઉડે રક્ષાની ઘટા;
દર્ભતણી તુટી સાદડી, નાથજી તે પર રહોછો પડી.
બીજે ત્રીજે પામોછો આહાર, તે મુજને દેહછે અંગાર;
હું તો દરિદ્ર સમુદ્રમાં બુડી, હેવાતણમાં એકજ ચુડી.
સૌભાગ્યના નથી શણગાર, નહિ કાજળ નહિ કિડિયાહાર;
નહિ લલાટે દેવા કંકુ, અન્ન વિના શરીર રહ્યું સુકું.
હું પુછુંછું લાગી પાય, આવું દુઃખ ક્યાં સુધી સેવાય;
તમે દહાડી કહોછો ભરથાર, માધવ સાથે છે મિત્રાચાર.
જે રહે કલ્પવૃક્ષને તળે, તેહને શી વસ્તુ નવ મળે;
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કયમ તરશે મરે.
પ્રગટ કરી સેવે હુતાશ, તેને શીત આવે કયમ પાસ;
અમૃત પાન કિધું જે નરે, જમ કિંકરનો ભય કયમ ધરે.
જેને સરસ્વતિ જીભે વશી, તેને અધ્યાત્મ ચિંતા કશી;
સદ્દગુરૂના જેણે સેવ્યા ચરણ, તેને શાનું માયા આવરણ.
જે જન સેવે હરિને સદા, તેને જન્મ મરણ શી આપદા;
જેનું મન હરિચરણે વસ્યું, તે પ્રાણીને પાતક કશું.
જેને સ્નેહ શામળિયા સાથ, તેનું ઘર ન હોય અનાથ;
છેલી વિનતી દાસીતણી, પ્રભુ પધારો ભૂધર ભણી;
તે છે ચૌદલોકનો મહારાજ, બ્રાહ્મણને ભીખતાં શી લાજ.

## વલણ.

લાજ ન કીજે નાથ મહારા, માધવ મનવાંછિત આપશે રે;
દીન જાણીને દયા આણી, દરિદ્રના દુઃખ કાપશે રે.

## કડવું ૩ જું—રાગ ગોડી.

જઇને જાંચો જાદવરાય, ભાવઠ ભાગશેરે;
હું તો કહું છું લાગીને પાય, ભાવઠ ભાગશેરે.
ધન નહિ જડે તો ગોમતિમાં જઇ, દર્શન ફળ નહિ જાય; ભાવઠ૦
સુદામો કહે સ્ત્રીને, નથિ માગતાં પ્રતિવાય.
પણ મિત્ર આગળ મામ મુકી, માગતાં જીવ જાય.
મામ ન મુકીએરે.
ઉદર કારણે નીચ કને જઇ, કીજે વિનય પ્રણામ;
તો આ સ્થાનક છે મળવાતણું, મામે વણસે કામ. ભાવઠ૦
જાદવ સઘળા દેખતાં કેમ, ઓડું જમણો હાથ;
હું દુર્બળનું રૂપ દેખીને, લાજે લક્ષ્મીનાથ. મામ ન૦
જે પુરૂષ તે ઉદ્યમીરે, જઇ કરે પોતાનું કાજ,
બ્રાહ્મણનો કુળધર્મ છે. તેમાં ભીખતાં શી લાજ. મામ ન૦
અંતરજામી અજાણ નથીરે, સ્ત્રી તમને કહું વારંવાર;
દશ માસ ગર્ભવાસ પ્રાણીની, રક્ષા કરે મોરાર. મામ ન૦
શો ઉદ્યમ કરીએ એવું જાણી, સંતોષ આણીએ મન;
સુખ લીલામાં હરિ વીસરે, ભાવ ગયા આપણા ભિન્ન. મામ ન૦
જાચવા ન જઇએ ને પડિ રહીએ તો, કયમ જીવે પરિવાર;
એકવાર જાંચો જાદવા, તમને નહિ કહું બીજીવાર. ભાવઠ૦
રાજા થઇ વિભીષણ જાચ્યા, મહાવીર ધીર જગદીશ;
પ્રભુ સામાં પગલાં ભરે તો, ટળે દારીદ્ર ને રીસ. ભાવઠ૦
જાડવા પાણી દીન બોલવી વાણી, થાય વદન પીળું વરણ;
એ ચીન્હ છે જાચકતણાં, જાચવાથી રૂડું મરણ. મામ ન૦
જગતના મનની વારતા જાણે, અંતરજામી રામ;
ઘહાં બેઠાં નવનીધ આપશે, ત્યાં ગયાનું શું કામ. મામ ન૦
સુદામો કહે નારને, કયમ ચાલે મારા પાય;
મિત્ર આગળ મામ મુકીએ, ધિક પડો મારી કાય. મામ ન૦
કહેવું નહિ પડે કૃષ્ણજીને, નથી અંતરજામી અજાણ;
ઘટઘટમાં વ્યાપી રહ્યાછે, પૂરણ પુરૂષપુરાણ. ભાવઠ૦

દશ માસ ગર્ભવાસ પ્રાણી, શો કરે ઉદ્યમ;
એવું જાણી સંતોષ આણો, હરિ વિસારશે કયમ. મામ ન૦
તમો જ્ઞાની વૈરાગી ત્યાગી થઇ બેઠા, પંડિત ગુણભંડાર;
હું જુગતે જાણું કયમ કરી, અબળાનો અવતાર; બાવ૬૦

## વચન.

અવતાર સ્ત્રીનો અધમ કહીને, રુષિ પત્ની આંસૂ ભરે;
દુઃખ પામતી જાણી પ્રેમદા, પછે સુદામોજી ઉચરે.

## કડવું ૪ થું—રાગ રામગ્રી.

પછે સુદામોજી બોલિયા, સુણ સુંદરી રે;
શી કહું હું શીખામણ, ઘેલી કોણે કરી રે.
જે નિરમ્યું છે તે પામિયે, શુણ સુંદરી રે;
વિધિયે લખિ વૃદ્ધિ હાણ, ઘેલી કોણે કરી રે.
દીધા વિના કયાંથી પામિયે, શુણ સુંદરી રે;
નથી આપ્યું જમણે હાથ, ઘેલી કોણે કરી રે.
જે ખડધાનજ વાવિયે, શુણ સુંદરી રે;
તો કયાંથી જમિયે શાળ, ઘેલી કોણે કરી રે.
જળ વહિ ગયે શી શોચના, શુણ સુંદરી રે;
જો પ્રથમ ન બાંધી પાળ, ઘેલી કોણે કરી રે.
એકાદશી વ્રત નવ કર્યાં, શુણ સુંદરી રે;
નવ કીધા તિરથ ઉપવાસ, ઘેલી કોણે કરી રે.
અગ્ની તૃપ્ત કિધા નહીં, શુણ સુંદરી રે;
નહિ શ્વાન વાયસ ગૌગ્રાસ, ઘેલી કોણે કરી રે.
બ્રહ્મભોજન કીધાં નહિ, શુણ સુંદરી રે;
નથી કીધાં હોમ હવન, ઘેલી કોણે કરી રે.
અતિથી વિમુખ વાળિયા, શુણ સુંદરી રે;
તો કયાંથી પામીએ અન્ન, ઘેલી કોણે કરી રે.
હરિપ્રસાદ લીધો નહિ, શુણ સુંદરી રે;
નિત્ય અશુદ્ધ કીધો આહાર, ઘેલી કોણે કરી રે.

આપ ઉદર પાપે ભર્યું, શુણુ સુંદરી રે;
છુટ્યાં પશુતણા અવતાર, ઘેલી કોણે કરી રે.
સંતોષ અમૃત ચાખિયે, શુણુ સુંદરી રે;
હરિ ચરણે સોંપી મન, ઘેલી કોણે કરી રે.
ભક્તિયે નવનિધ્ય આપશે, શુણુ સુંદરી રે;
ધરો ધીર તમે સ્ત્રીજન, ઘેલી કોણે કરી રે.
આંખ્ય ભરી અબળા કહે, ઋષિરાયજી રે;
મારૂં જડ થયું છે મન, લાગુ પાયજી રે.
એતો જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;
રૂએ બાળક લાવો અન્ન, લાગુ પાયજી રે.
અન્ન વિના ચાલે નહિ, ઋષિરાયજી રે;
મોટા જોગેશ્વર હરિભક્ત, લાગુ પાયજી રે.
અન્નવિણ ભજન સુઝે નહીં, ઋષિ રાયજી રે;
જીવે અન્ને આખું જગત, લાગુ પાયજી રે.
શિવે અન્નપૂર્ણા ઘેર રાખિયાં, ઋષિરાયજી રે;
સુરજે રાખ્યું અખેપાત્ર, લાગુ પાયજી રે.
ઇંદ્ર સેવે કામધેનુને, ઋષિરાયજી રે;
તો આપણે તે કોણ માત્ર, લાગુ પાયજી રે.
સુર સેવે કલ્પવૃક્ષને, ઋષિરાયજી રે;
મનવાંછિત પામે આહાર, લાગુ પાયજી રે.
ધર્મ પ્રાણ અન્ન વિના નહિ, ઋષિરાયજી રે;
ઉભો અન્ને સકળ સંસાર, લાગુ પાયજી રે.
ફેરાનું ફળ જાશે નહિ, ઋષિરાયજી રે;
જઇ જાચો, કૃષ્ણ બળદેવ, લાગુ પાયજી રે.
વિધિયે લખ્યા અક્ષર દરીદ્રના, ઋષિરાયજી રે;
ધોશે ધરણીધર તતખેવ, લાગુ પાયજી રે.

**વલણ.**

તતક્ષણ ત્રીકમ છેદશે. દરિદ્રકેરાં ઝાડ રે;
નાથ પધારો દ્વારિકાં, હું માનું તમારો પાડ રે.

## કડવું ૫મું—રાગ રામગ્રી.

કહે શુકજોગી સાંભળો રાયજી, રૂક્મિણિ પ્રેમદા લાગે પાયજી;
વિપ્ર સુદામો આપ વિચારેજી, નિશ્ચે જાચવા જવું પડશે મારેજી.

### ઢાળ.

જાવું પડશે સર્વથા, ઘણું રૂએ અબળા રાંક;
અન્ન વિના બાળક ટળવળે, એમાં માતતણો શો વાંક.
પત્ની પ્રત્યે કહે સુદામો, તું સાંભળ્ય મારી વાત;
કહો ભામની ભગવંત આગળ, ભેટ શી મુકું હાથ.
કાકા કહિને કુંવર આવે, કૃષ્ણસુત સમુદાય;
ખાવા માગે મુજ કને, ત્યારે શું મેલું કર માંય.
શુણિ હરખ પામી પ્રેમદા, ગઇ પાડોશણની પાસ;
બાઇ આજ કામ કરો મારૂં, જાણે વણમુલે લીધી દાસ.
દ્વારામતી મમ પતિ જાય છે, જાચવા જાદવરાય;
અમો બમણું કરીને આપશું, કાંઇ આપો ઉછીતું માય.
પાડોશણને દયા આવી, આ દુર્બળ આવી લેવા;
સુપડું ભરીને કાંગ આપ્યાં, આ બાઇ તમારે દેવા.
ઉખળે ઘાલી ઓખણ્યા, તેહને કીધા શ્વેત;
તગતગતા કરી કરમાં આપ્યા, રૂષિજી પામ્યા હેત.
મારગમાં છોવાય નહીં, છે ત્રીકમના તાંદુલ;
લેઇ જાવા છે દ્વારામતિ, નથી બાંધવા પટકૂળ.
ઉપરાઉપરી બંધન બાંધ્યાં, ચીથરાં દશ વીશ;
રત્નનીપેરે જત્ન કીધું, જ્યમ ચડે છોડતાં રીસ
રૂષિસુદામાને કહે બાળકડાં, કરીને રોતાં મૂખ;
પિતાજી એવું લાવજો, જ્યમ જાય આપણી ભૂખ,
દીન વાણી સાંભળીને, મુનિયે મુકયો નિશ્વાસ;
સુદામો કહે પુત્રને, પરિબ્રહ્મ પુરશે આશ.
રૂષિસુદામો સંચર્યા, વેળાવી વળ્યો પરિવાર:
ત્યાગી વૈરાગી વિપ્રને છે, ભક્તના શણગાર.

ભાલ તિલક ને માળા કંઠે, રસનાએ ભજનો જાય;
મુખ કૃષ્ણનું જાળ બાંધ્યું, કદ્રુપ દીસે કાય.
પવને જટામાંથી ભસ્મ ઉડે, ધુમ્ર ગોટાગોટ.
ઉપાનરેણુંએ અભ્ર છાયો, જોજન કોટાકોટ,
ધસમસે ને ધાય મુનિવર, મુખે શ્વાસ ન માય;
જે મારગમાં સામું મળે તે, દેખિ વિસ્મય થાય.
તૈલાભ્યંગ સ્વપને ન ઇછે, છે લુખું રૂષિનું ગાત્ર;
એક હાથમાં જેષ્ટિકા, એક હાથે ગ્રહ્યું તુંબિપાત્ર.
કોપિન જીરણ વસ્ત્રનું, વનફળ છે પરિધાન;
પણ ભાગ્ય ભાનુ ઉદે થયો, હરિ કરશે આપ સમાન.

## વલણ.

આપ સમાન કરશે કૃષ્ણજી, શુકજી કહે શુણો નરપતી
થોડે શ્રમે રૂષિ સુદામો, પહોતા પુરિ દ્વારામતી

## કડવું ૬ઠું—રાગ સારંગ.

રૂષિ કહે સાંભળ નરપતી. સુદામે દિઠી દ્વારામતી;
કનક કોટ ચળકારા કરે, મણિમય રત્ન જડયાં કાંગરે.
કોઠા કોશિસાં શોભા પર્મ. જેવું વિશ્વકર્માનું કર્મ.
દુર્ગે ધવજ ઘણી ફરફરે, દંદુભી ઢોલ ત્યાં ગડગડે.
સુદર્શન ફરતું ત્યાં શોહે, ગંભિર નાદ સાગર મન મોહે;
ત્યાં તો ગોમતિ સંગમ થાય, ચારે વર્ણ ત્યાં આવી નાહાય.
પરમ ગતિ પ્રાણી પામે ઘણા, નથિ મુક્તિપુરીમાં મણા.
રૂષિ સુદામે કીધું સ્નાન, પછિ પુરમાં પેઠા ભગવાન.
રૂપ જોઇ જોવા સૌ મળે ખિજવે બાળક પુંઠળ પળે;
જાદવ સ્ત્રી તાળિ દેઇ હસે, ધન્ય નગર આવો નર વસે.
ક્રિયા હશે વ્રત તપ અપાર, તે સ્ત્રી પામી હશે આ ભરથાર;
કોઇ કહે ઇંદુ કોઇ કહે કામ, એને રૂપે હારશે કેશવરામ.
પતિવ્રતાનાં મોહશે મન, મર્મ વચન બોલે સ્ત્રીજન;
કોઇ કહે હાઉ આવ્યો વિકરાળ, દેખાડો રોતાં રહેશે બાળ.

ઘણી ચેષ્ટા પુંઠળથી થાય, શુણી સુદામો હસતા જાય;
પુંઠે બાળક કાંકરા નાખે, રૂષિજી રામ કૃષ્ણ મુખથી ભાખે.
પાડે તાળિ વગડે ગાલ, પુંઠે ફરિવળ્યાં નહાનાં બાળ;
કોઇ વૃદ્ધ જાદવે દીઠા રૂખી, સાધુની દૃષ્ટિ તેણે ઓળખી.
તેણે બાળક સહુ કાઢયાં હાંકી, પુછ્યા સમાચાર ઉભા રાખી;
કૃપાનાથ કયાંથી આવિયા, આ પૂરને કેમ શોધિ ભયા.
પ્રતિ ઉત્તર બોલ્યા રૂષિજન, મને હરિ દરશનનું મન;
તે જાદવે કિધો ઉપકાર, દેખાડી દીધું રાજદ્વાર.
હરિ મંદિર આવ્યા રૂષિરાય, ઉભા રસ્તે ચાલ્યું નવ જાય;
દ્વારપાળ દિગપાળ સમાન, ધામ એટલે ઉગ્યા ભાણ.
શોભે હાટ ચોટાં ને ચોક, છજાં જરૂખાં બારી ગોખ;
અટારી જાળી મેડી માળ, જડિત્ર કોઠા કાકઝમાળ.
ચળકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાંખુ ઓવારી;
સભામાં સ્ફાટકમણિના થંભ, થઇ રહ્યોછે નાટારંભ.
મૃદંગ ઉપંગ મધુરાં તાળ, ગાય હરિજન ગીત રસાળ;
રમક ઝમક ઘુઘરિ થાય, તે સુદામોજી જોતા જાય.
ધજા પતાકા કળશ બિરાજે, જાંગડ જાંગડ દુંદુભિ વાજે;
બોલે શરણાઇ નફેરી, ઉછવ મંગળ શેરિયેશેરી.
હરતા ફરતા હીંડે ઘોડા, બાંધ્યાં હેમતણા અછોડા;
ડોલે મદગળતા માતંગ, ગજશાળાનો નવલો રંગ.
હેમકળશ ભરી લાવે પાણી, દાસિયો જાણિયે ઇંદ્રાણી;
છપન કોટી જાદવની સભા, નવ રાખે દાનવની પ્રભા.
અનંત યોદ્ધા ઉભા પ્રતિહાર, સાચવે શામળિયાનું દ્વાર;
ત્યાં સુદામો ફેરા ફરે, સંકલ્પ વિકલ્પ મનમાં કરે.
ગહન દીસે છે કરમની ગતી, એક ગુરૂના વિદ્યાર્થી;
એ થઇ બેઠો પૃથવીપતી, મારા ઘરમાં ખાવા રજ નથી.
રમાડતો ગોકુલ સાંકડાં, ગુરૂને ઘેર લાવતો લાકડાં;
તે આજ બેઠો સિંહાસન ચડી, મારે તુંબડી ને લાકડી.

વળિ રૂખિને આવ્યું જ્ઞાન, અલ્પ જીવ હું એ ભગવાન;
એકવાર પામું દરશન, તો હું જાણે પામ્યો ઇંદ્રાસન.
છે વિવેકી હરિના છડિદાર, પૂછ્યા સુદામાને સમાચાર;
માનુભાવ કેમ કરૂણા કરી, તવ સુદામે વાણિ ઓચરી.
હું દુર્બળ બ્રાહ્મણ અવતાર, માધવ સાથે છે મિત્રાચાર;
પ્રભુને જઇ કહો મારો પ્રણામ, આવ્યોછે વિપ્ર સુદામો નામ.

### વલણ.

નામ સુદામો જઇ કહો, ગયો ઘરમાં પ્રતિહાર રે;
એક દાસી સાથે કહાવિયો, શ્રીકૃષ્ણને સમાચાર રે.

### કડવું ૭ મું—રાગ મારૂ.

સુતા શજ્જાયે શ્રી અવિનાશરે, અષ્ટ પટરાણિયો છે એ પાસ રે;
રૂકમણી તળાંસે પાયરે, મિત્રવંદા ઢોળે છે વાય રે.
ધર્યું દર્પણ ભદ્રા નારીરે, જાંબુવતિયે ગ્રહી જળ ઝારી રે;
યક્ષકર્દમ સત્યા સેવેરે; કાલિંદીજી અગર ઉસેવે રે.
લક્ષમણા તાંબુળ લાવેરે; સત્યભામા બિડી ખવરાવે રે;
હરિ પોઢયા હિંચોળાખાટરે, પાસે પટરાણી છે આઠ રે.
બીજી સોળ સહસ્ત્ર શત શામારે, કોઇ હંસગતી ગજગામા રે;
મૃગાનેણી ને ચંદ ચકોરીરે, કોઇ શામલડી કોઇ ગોરી રે.
કોઇ મુગ્ધા બાળ કીશોરીરે, ખળકાવે કંકણ મોરી રે;
ચપળા ચિતડું લે ચોરીરે; કોટે હાર કંચુકી કોરી રે.
કોઇ ચતુરા સંગિત નાચેરે, કોઇ રીઝવે ને ઘણું રાચે રે;
એક બીજીને વાત વાસેરે, સરખા સરખી ઉભી પાસ રે.
હરિ આગળ હરિગુણ ગાતીરે; વસ્ત્ર વિરાજે નાના ભાતી રે;
રંગ ઉપંગ મૃદંગ ઘણાં ગાજેરે, શ્રીમંડળ વેણા વાજે રે.
ગાંધર્વી કળા કોઇ કરતીરે, શુભ વાચક મુખ ઉચરતી રે;
ચતુરા નવ ચુકે તાળીરે, બોલે મર્મવચન મરમાળી રે.
જેથી રીઝે પ્રાણ આધારરે, એમ થઇ રહ્યો થેઇથેઇકાર રે;
એવે દાસી ધાતી આવીરે; જોઇ નાથે પાસે બોલાવી રે.

બોલી સાહેલી શિર નામીરે, દ્વારે દ્વિજ આવ્યો કોઈ સ્વામી રે;
નહોય નારદ અવસ્યમેવરે; નહી વસિષ્ટ ને વામદેવ રે.
નહોય દુર્વાસા ને અગસ્તરે, મેં તો ઋષી જોયાછે સમસ્ત રે;
નહી વિશ્વામિત્ર કે અવત્રીરે; નથી લાવ્યો ચોકી કે પત્રી રે.
દુખી દરીદ્ર સરખો ભાસેરે, એક તુંબીપાત્ર છે પાસે રે;
પિંગળ જટા ભસ્મે ભરિયોરે. ક્ષુધા રૂપી નારીને વરિયો રે.
શેરિયે શેરિયે થોકાથોકરે; તેને જોવા મળ્યા બહુ લોક રે;
તેણે કહાવ્યું કરી પ્રણામરે, મારૂં વિપ્ર સુદામો છે નામ રે.
એમ દાસી કહે કરજોડરે, ખરો ખરો કહે રણછોડ રે;
મારો બાળસ્નેહી સુદામોરે, હું દુખીયાનો વિસામો રે.
ઉઠી ધાયા જાદવરાયરે, નવ પહેર્યા મોજાં પાય રે;
પીતાંબર ભૂમિ ભરાયરે, રાણી રૂકમણી ઉચ્યાં સાય રે.
અતિ આનંદે ફુલી કાયરે, હરિ દોડે ને શ્વાસે ભાય રે;
પંડ આખડે બેઠા થાયરે, એક પળ તે જુગ જેવી જાય રે.
સ્ત્રીઓને કહી ગયા ભગવાનરે, પૂજા થાલ કરો સાવધાન રે;
હું જે ભોગવું રાજ્યાસનરે, તે તો એ બ્રાહ્મણનું પુન્ય રે.
જે કોઇ નમશે એના ચરણ ઝાલીરે, તે નારી સહુપે મને વાલી રે;
તવ સ્ત્રી સઉ પાછી ફરતીરે, સામગ્રિ પૂજનની કરતી રે.
સહુયો કહે માંહોમાંહી બાઇરે, કેવા હશે કૃષ્ણના ભાઇ રે;
જેને શામળીયાશું સ્નેહરે, હશે કંદ્રપ સરખો દેહ રે.
લઇ પૂજાના ઉપહારરે, રહી ઉભી સોળ હજાર રે;
બાઇ લોચનનું સુખ લીજેરે, આજ જેહનું દર્શન કીજે રે.
રૂષિ શુકજી કહે શુણ રાયરે, શામળિયોજી મળવા જાય રે;
છબિલેજીયે છુટી ચાલેરે, દિઠિ દોટ તે દિન દયાળ રે.
સુદામે દીઠા કૃષ્ણદેવરે, છુટયાં આંસુ શ્રાવણ નેવ રે;
જુએ કૌતક ચારે વર્ણરે, ક્યાં આ વિપ્ર ક્યાં અશરણશરણ રે.
જુએ દેવ વિમાને ચડિયારે, પ્રભુ રૂષિજીને પાય પડિયા રે;
હરિ ઉઠાડયા ઝાલી હાથરે, રૂષિજી લીધા હઇડા સાથ રે.

મળ્યા જાદવ જોવા પુઠેરે, પ્રેમનાં આલિંગન નવ છુટે રે;
મુખ અન્યોઅન્યે જોયાંરે, હરિનાં આંસુ સુદામે લોયાં રે.
તુંબિપાત્ર ઉલાળિને લીધું રે, દાસત્વ દયાલે કીધું રે;
રૂષિ પાવન કર્યું મુજ ગામરે, તમે પવિત્ર કરો રંક ધામ રે.
તેડી આવ્યા વિશ્વાધારરે, મંદિરમાં હરખથી અપાર રે;
હસ્ત ઝાલી હરખે મુરારીરે, જોઇ હાસ્ય કરે સહુ નારી રે.
ઘણું વાંકાં બોલાં સત્યભામારે, આવા ફુટડા મિત્ર સુદામા રે;
હાર તેને ઉકીને શું ધાયારે, ભલિ નહાનપણાની માયા રે.
ભલિ જોવા સરખી જોડીરે, હરિને શોધો એને રાંખોડી રે;
જો કોઇ બાળક બાર નિકળશેરે, તો તે કાકાને દેખી છળશે રે.
તવ બોલ્યાં રૂક્મણિ રાણીરે, તમે બોલો છો શું જાણી રે.

### વલણ.

શું બોલો વિસ્મે થઇ, હરિભક્તને ઓળખો નહીં.
બેસાર્યા મિત્રને શય્યા ઉપર, ઢોળે વાયુ હરી ઉભા રહી.

## કડવું ૮ મું—રાગ સોરઠી.

ભક્તાધીન દીનને પુજે, દાસ પોતાનો જાણી;
સુખશય્યાપર રૂષિને બેસારી, ચમર કરે ચક્રપાણીરે. ભક્તા૦
નેત્રસમશા નાથે કીધી, આવી આઠ પટરાણી;
મંદમંદ હસે સત્યભામા, આવો ઘુંઘટ તાણીરે. ભક્તા૦
જેનિ નાભિકમળથી બ્રહ્મા પ્રગટયા, આ જગ પળમાં કીધું;
જેણે મુખમાં જગત દેખાડયું, માતાનું મન લીધું રે. ભક્તા૦
વિશ્વામિત્ર સરખા તાપસને, દોહલે દર્શન દીધું;
તેણે સુદામાના પગ પલાળી, પ્રીતે પાદોદક પીધું રે. ભક્તા૦
પોતાને ઓઢવાની પ્રિત પછેડીએ, લોયા રૂષીના પાય;
ઉભા રહી કર વિંઝણો ગ્રહિને, વીઠલ ઢોળે વાયરે. ભક્તા૦
થાળ ભરી વૈદરભી લાવ્યાં, ઘૃતપક્વ પકવાન;
શર્કરાસંજુક્ત રૂષીને, કરાવ્યાં પયપાનરે. ભક્તા૦
શુદ્ધાચમન તંબોળ ખવરાવ્યાં, ધરિ પ્રેમ શામળવાન;
વાધ્યું તે પ્રસાદ પ્રમાણે, આરોગ્યા ભગવાનરે. ભક્તા૦

જે સુખ આપ્યું સુદામાને, તે હરિ બ્રહ્માદિકને નાપે;
ફરીફરી મુખ જુએ મુનિનું, આનંદ મુકુંદને વ્યાપેરે. ભક્ત૦
સુદામાને ચિંતા મોટી, રખે દેખે કાયા કાંપે;
પેલી ગાંઠડી તાંદુલતણી તે, જંઘા નીચે લેઇ ચાંપેરે. ભક્ત૦

## વલણ.

જંઘા નીચે ચાંપે રહી, ગાંઠડી તાંદુલતણી;
પ્રેમાનંદ પ્રભુ પરમેશ્વરને, જાણ્યા તણી ગત્ય છે ઘણી.

## કડવું ૯મું—રાગ મલ્હાર.

ગોવિંદે માંડી ગોઠડી, કહોને મિત્ર અમારા;
સાંભળવા આતુર છું, સમાચાર તમારા. ગોવિંદે૦
શે દુઃખે તમો દુબળા, એવી ચિંતા કેહી;
મન મુકીને કહો મને, મારા બાળ સનેહી. ગોવિંદે૦
કોઇ સદ્ગુરૂ તમને મળ્યો, તેણે કાન શું ફુંક્યો;
વૈરાગી ત્યાગી થયા, સંસાર શું મુક્યો. ગોવિંદે૦
શરીર પ્રજાળ્યું જોગથી, તપે દુઃખે દેહી;
છો તે કિયે દુઃખે દુબળા, મારા પૂર્વ સનેહી. ગોવિંદે૦
કે શત્રુ કોઈ માથે થયો, ઘણાં દુઃખનો દાતા;
કે કાંઇ ચોરીએ ગયું, તેણે નહિ સુખશાતા. ગોવિંદે૦
કાંઇ ધાતુપાત્ર કને નહીં, આવ્યા તુંબડું લેઇ;
વસ્ત્ર નથી કાંઇ પેહેરવા, મારા બાળ સનેહી. ગોવિંદે૦
કે સુખ નથી સંસારનું, કાંઇ કરમને દોષે;
ભાભી અમારાં વઢકણાં, તે શું લોહીડું સોષે. ગોવિંદે૦
શું ઉદર ભરાતું નથી, તેણે સુકી દેહી;
એ દુઃખમાં કીયું દુઃખ છે, મારા પૂર્વ સનેહી. ગોવિંદે૦
પછી સુદામોજી બોલિયા, પ્રભુને શીશ નામી;
તમારૂં અજાણ્યું કાંઈ નથી, છો અંતર જામી. ગોવિંદે૦
એમને તો દુઃખ વિજોગનું, નહીં પ્રભુજી પાસે;
આજ હરી હુંને જો મળ્યા, પિંડ પુષ્ટજ થાશે. ગોવિંદે૦

## કડવું ૧૦મું રાગ રામગ્રી.

પછી શામળીઆ બોલીયા, તને સાંભરે રે;
હાંજી નાનપણાની પેર, મને કેમ વીસરે રે.
આપણ બે મહિના પાસે રહયા, તને સાંભરે રે;
હાંજી સાંદિપ રૂષિને ઘેર, મને કેમ વીસરે રે.
અન્ન ભિક્ષા માગી લાવતા, તને સાંભરે રે;
હાંજી જમતા ત્રણે ભ્રાત, મને કેમ વીસરે રે.
આપણ સુતા એક સાથ, તને કેમ સાંભરે રે;
સુખ દુઃખની કરતા વાત, મને કેમ વીસરે રે.
પાછલી રાતના જાગતા, તને સાંભરે રે;
હાંજી કરતા વેદની ધુન્ય, મને કેમ વીસરે રે.
ગુરૂ આપણા ગામે ગયા, તને સાંભરે રે;
હાંજી જાચવા કોઈક મુન્ય, મને કેમ વીસરે રે.
કામ દીધું ગોરાણીએ, તને સાંભરે રે;
કહયુ લઈ આવોને કાષ્ટ, મને કેમ વીસરે રે.
શરીર આપણાં ઉકળ્યાં, તને સાંભરે રે;
હાંજી માથે તપ્યો અરીષ્ટ, મને કેમ વીસરે રે.
સ્કંધે કોહાવાડા ધર્યા, તને સાંભરે રે;
ઘણું દૂર ગયા રણછોડ, મને કેમ વીસરે રે.
આપણે વાદ વધો ત્રણે બાંધવા, તને સાંભરે રે;
હાંજી ફાડયું મોટું ખોડ, મને કેમ વીસરે રે.
ત્રણે ભારા બાંધ્યા દોરડે, તને સાંભરે રે;
હાંજી આવ્યા બારે મેહ, મને કેમ વીસરે રે.
શીતળ વાયુ વાયો ઘણો, તને સાંભરે રે;
ટાઢે થરથર ધ્રુજે દેહ, મને કેમ વીસરે રે.
નદીએ પુર આવ્યું ઘણું, તને સાંભરે રે;
ઘન વરસ્યો મુસળધાર, મને કેમ વીસરે રે.
એક દિશા સુઝી નહીં, તને સાંભરે રે;
થયા વીજતણા ચમકાર મને કેમ વીસરે રે.

ગુરૂજી ખોળવા નીસર્યા, તને સાંભરે રે;
કહયું આીને કીધો તેં કેર, મને કેમ વીસરે રે.
આપણને રૂદ્રિયા શું ચાંપીઆ, તને સાંભરે રે;
પછે તેડીને લાવ્યા ઘેર, મને કેમ વીસરે રે.
ગોરાણી ગૌ દેતાં હતાં, તને સાંભરે રે;
હતી દેણી માગ્યાની ટેવ, મને કેમ વીસરે રે.
મેં નિશાળેથી કર વધારીઓ, તને સાંભરે રે;
હાંજી દીધી દેણી તતખેવ મને કેમ વીસરે રે.
જ્ઞાન થયું ગુરૂપત્નીને, તને સાંભરે રે;
તમને જાણ્યા જગદાધાર, મને કેમ વીસરે રે.
ગુરૂદક્ષણામાં માગીયું, તને સાંભરે રે;
હાંજી મૃત્યુ પામ્યો જે કુમાર, મને કેમ વીસરે રે.
મેં સાગરમાં ઝંપાવ્યું. તને સાંભરે રે;
તમો શોધ્યાં સપ્ત પાતાળ,, મને કેમ વીસરે રે.
હું પંચાનન સંખ લાવીઓ, તને સાંભરે રે;
હાંજી દૈત્યનો આણ્યો કાળ, મને કેમ વીસરે રે.
સંજમની પુરિ હું ગયો, તને સાંભરે રે,
પછે આવી મળ્યો જમરાય, મને કેમ વીસરે રે.
પુત્ર ગોરાણીને આપીઓ, તને સાંભરે રે;
હાંજી પછે થયા વીદાય, મને કેમ વીસરે રે.
આપણે તે દીનથી જુદા પડ્યા, તને સાંભરે રે;
હાંજી ફરીને મળીઆ આજ, મને કેમ વીસરે રે.
હું તુજ પાસે વીદ્યા ભણ્યો, તને સાંભરે રે;
મને મોટો કર્યો મહારાજ, મને કેમ વીસરે રે.

**વલણ**

મહારાજ લાજ નિજ દાસની, વધારો છો શ્રીહરી
પછી દરીદ્ર ખોવા દાસનાં, સૌભ્ય સૃષ્ટી શામે કરી.

**કડવું ૧૧મું-રાગવસંત.**

સકળ સુંદરીઓ દેખતાં, ગોપિ ગોવિંદે કીધી;
પછી દરિદ્ર ખોવા દાસનાં, ગાંઠડી દષ્ટિમાં લીધી. સકળટેક

મનવાંછિત ફળ આજ હું પામ્યો, ત્રિજી મળવા આવ્યા;
ચતુર ભાભીએ ભેટ મોકલી, કહો સખા શું લાવ્યા, સકળ
અઢળક ઢળિયારે શામળીઓ, મુઠી તાંદુલ માટે;
ઇંદ્રનો વૈભવ સેજમાં આવ્યો, સ્વલ્પ સુખડી સાટે, સકળ
ચરણ તળે ચાંપી રહ્યો સુદામો, કૃષ્ણજી કેહેછે કહાડો;
અમ જોગ જો ભેટ હોયતો, દૂર થકી દેખાડો, સકળ
એ દેવતાને દુલ્લભ દીસે, જાચે જાદવરાય;
જો પવિત્ર સુખડી પ્રેમે આપો, તો ભવની ભાવટ જાય; સકળ
ભગવાનની સ્રીયો ભર્મમાં ભૂલી, જુએ મળી સમસ્ત,
અમૃત ફળકે સંજીવન મણી હરી હોડે છે હસ્ત; સકળ
આમ હરી જ્યારે હાથ લગાડે, રૂખી ખસેડે આમ;
ભક્ત હેત પોતે દેખાડે, સઉને સુંદર શામ; સકળ
અવલોકવા ઉભી સઉ નારી, કર ધારી કનકનાં પાત્ર;
જાદુપતીને જાચે સઉ નારી, અમને આપજો તીલમાત્ર; સકળ
સુદામો ચીંતામાં પડીઓ, લજ્જા મારી જાશે;
ભર્મ ભાગશે તાંદુલ દેખી, કૌતક મારૂં થાશે; સકળ
સ્રીને કહેથી હું થયો લોભી, તુચ્છ ભેટ અહીંઆં આણી:
લજ્જા લાખ ટકાની ખોઈ, ઘર ઘાલ્યું ઘણીઆણી; સકળ
સુદામાના મનની શોચના, શામળીએ સઉ જાણી;
હસતાં ખસતાં પાસે આવી, તાંદુલ લીધા તાણી; સકળ
હેઠળ હેમની થાળી મેલી, વસ્તુ લેવા જગદીશ:
છોડે છબીલો પાર ન આવે, ચીથરાં દશ વીશ; સકળ
પટરાણીઓ જોઈ અચરજ પામી, છે આ પારશ કે રત્ન;
અમરફળ કે સંજીવન મણી, આવડું કીધું જત્ન; સકળ
કણ વેરાણા ને પાત્ર ભરાણું, જોઇ રહ્યો જુવતીનો સાથ;
તાંદુલના કણ રૂદયે ચાંપી, બોલ્યા લક્ષ્મી નાથ; સકળ
સુદામે આ અવનીમાં, લીધા બહુ અવતાર,
આ તાંદુલનો સ્વાદછે એવો, નથી આરોગ્યો એકે વાર; સકળ
મોટા મોટા મીત્ર મેં જોયા, ધ્રુવ અરીષ પ્રહલ્હાદ;

આ તાંદુલનો એકે મીત્રે, દેખાડયો નથી સ્વાદ; સકળ
તુચ્છ ભેટ ભારે કરી માની, વીચાર્યું ભગવાન;
સાત જન્મ સુધી સુદામે, નથી કીધાં પુન્ય કે દાન; સકળ
જાચક રૂપ થયા જગજીવન, પ્રીત રૂદેમાં વ્યાપી;
મુખમાં તાંદુલ મુષ્ટી મુકયાં, દારીદ્ર નાંખ્યાં કાપી; સકળ
કર મરડીને ગાંઠડી લીધી, સાથેથાં દુ:ખ મોકયાં.
જેમ જેમ ચીથરાં છોડયાં નાથે, ભવનાં બંધન તોડયાં સકળ
જ્યારે તાંદુલ મુખમાં મુક્યાં, ઉડી છાપરી આકાશ;
તેણે સ્થાનક સુદામાને થયા, સપ્ત ભુમીના અવાસ; સકળ
રૂપી પત્ની થયાં રૂકમણી સરખાં, શાંબ સરીખા પુત્ર;
એ વૈભવને કવી શું વખાણે. જેવું કૃષ્ણનું ઘરસૂત્ર; સકળ
બીજી મુઠી જ્યારે મુખમાં મુકે, ત્યાં ગ્રહયો રૂકમણીએ પ્રાણ
એમાં શું ઓછું છે સ્વામી, અમને આપો ચતુર સુજાણ; સકળ
અષ્ટ મહા સીદ્ધીને નવ નીધી, તે મોકલી વણ માગી;
તે સુદામો નથી જાણતા, જે ભવની ભાવઠ ભાગી. સકળ
હાથી ડોલે દુદભી બોલે, ગુણીજન ગાયે સાખી;
જડીત હીંડોળો હેમનો બાંધી, હીંચે છે હરીણાક્ષી. સાંભળ
હીરા રત્ન કનકમય કોઠી; લાયો દ્રવ્યે કુબેર;
કોટી ધ્વજ લાખેણાં વાજે, છપન ઉપર ભેર. સકળ

## વલણ.

વાજે ભેર અખુટ ભંડારની, તહાં શ્રીગોપાળરે;
એમ સત્ય વાતમાં વહિ ગઇ, થયો પ્રાત:કાળરે.

## કડવું ૧૨મું-રાગ મેવાડો.

શુકજી કહે સાંભળ રાજન, પરમ કથા પ્રાચી પાવન;
વળી વચારે કમળા પતી, મેં સુદામા સરખું આપ્યું નથી.
એકેકો કણ જે તાંદુલ તણો, ઈંદ્રાસનથે મોંઘો ઘણો;
દુર્બળ દાસના ભાવની ભેટ, પરમ વિધિએ ભરાવું પેટ.

હું એ સરખો થઇ વનમાં તાપું, વૈકુંઠની રિદ્ધિ એને આપું;
સોળ સહસ્ત્ર માથે રૂક્મણી, સેવા કરે સુદામા તણી.
દ્વારીકા આવ્યા કષ્ટ કરી, વળી મુંઠી સ્ત્રીનાથે ભરી;
ત્યારે રૂક્માણિયે સાયો હાથ, અમે અપરાધ શો કીધો નાથ.
સામું જોઇ રહ્યાં દંપતી, સોળ સહસ્ત્રમાં પ્રીછતી નથી;
સકળ નારીને કરૂણા કરી, તાંદુલ વેચી આપ્યા હરી.
તેમાં મૂક્યો સ્વાદ અપાર, સ્ત્રી આગળ રાખ્યો મિત્રનો ભાર;
હાસ્ય વીનોદ કરતાં વહિ શર્વરી, થયો પ્રાત સુદામે જાચ્યા હરી.
મને વીદા કરો જગજીવન, હરિ કહે પધારીયે સ્વામીન;
વળી કૃપા કરજો કોઇ સમે, ધાલે હાથે નર હરિ નમે.
પ્રભુ પોળ લગી વળાવા જાય, કોડી એક ન મુકી કરમાંય;
સત્ય ભામા કહે શુણો જાંબુવતી, કૃપણ કેમ થયા કમળાપતિ.
બ્રાહ્મણ વળી મિત્ર પોતા તણો, દરિદ્ર દુઃખે પિડેલો ઘણો;
તેને વાળ્યો નિર્મુખ ફરી, રૂક્મણી કહે શું સમજો સુંદરી.
ગેલડાયે વળાવ્યા વિશ્વાધાર, સુદામે જતાં કર્યો વિચાર;
એન વૈભવ આગળ વળીયો છેક, પણ મને ન આપી કોડી એક.
સ્ત્રીની ચોરી મનમાં ધરી. પણ કાંઇક ગુપ્ત મને આપશે હરી;
માધવ માર્ગે વળાવા ગયા, પછી સુદામોજી ઉભા રહ્યા.
વીઠ્ઠલજી હવે પાછા વળ્યા, તવ બેઠીને રોયા શામળા;
વળ્યા કૃષ્ણ ફરી મળીને કરી, પણ કરમાં કાંઇ મુક્યું નહીં.
ઋષિ સુદામે મુક્યો નિશ્વાસ, ચાલ્યો બ્રાહ્મણ થઇ ને નિરાશ;
ઋષિ પામ્યો મનમાં સંતાપ, નીંદા કરવા લાગ્યો આપ.
હું માગવા આવ્યો મિત્ર કને, તેણે ટલ્લુરો નાખ્યું મને;
સ્ત્રી-જીત નર તે શબ સમાન, રંકાયે ઉપજાવ્યું અપમાન.
એકાંતરા જો મળિયે અન્ન, કંદમૂળ કીજે પ્રાશન;
ભુખે મરે બાળક નાહાનડાં, ખવરાવિયે સુકાં પાનડાં.
પવન પ્રાશને ભરીયે પેટ, નીચ પુરૂષની કરીએ વેઠ;
કાષ્ટ કે તૃણનો વિક્રય કરી, અથવા પરઘેર પાણી ભરી.
અથવા વિષ પીને મરીયે, પણ મિત્ર કને કર નવ ઓડિયે;

અજાચક વ્રત મૂક્યું આજ, ખોઇ લાખ ટકાની લાજ.
દામોદરે મને કીધી દયા, મુજગા મારા તાંદુલ ગયા;
કૃપણને ધન હોય ઘણું, એને નગર છે સોના તણું,
બાંધી મુકીને મિત્રાચાર, મોટો નિર્દય નંદકુમાર;
એને આપતાં શું ઓછું થાત, હું દુર્બળની ભાવડ જાત.
સામા મળી મને ભેટયા હરી, પાગ પખાળીને પૂજા કરી;
આસન વ્યંજન ભોજન ભલું, મુજ રાંકને કોણ કરે એટલું.
એ સર્વ ધુર્ત કપટીની સેવા, લટપટ કરી મારા તાંદુલ લેવા;
જેનું લે તેનો નવ રાખે ભાર, હરિને નિંદુતો મને ધિક્કાર.
જે ગોપીનાં મન લીધાં હરી, તો કમળાનું સુખ પામ્યાં સુંદરી;
રૂષિ પત્નિનાં ખાધાં અન્ન, સાયુજ્ય મુક્ત પામ્યાં સ્ત્રીજન.
ચંદન કુબજાજીનું લીધ, સ્વરૂપ લક્ષ્મી સમાણું કીધ;
જેને ભાજી પત્રનો કીધો આહાર, તો વીદુર તાર્યો સંસાર.
કૃપા કરી મને જગદાધાર, પણ મારૂં કર્મ કઠોર અપાર;
વિવેક જ્ઞાન સુદામે ગ્રહ્યું, ધન નાપ્યું તો સારૂં થયું.
ધને કરી મદ મુજને થાત, ભક્તિ પ્રભૂની ભુલી જાત;
કૃષ્ણે મુજને કરૂણા કરી, દારિદ્ર દુઃખ લીધું હરી.
સુખમાં વ્યાપે ક્રોધને કામ, દુઃખમાં સાંભરે કેશવ રામ.

### વલણ.

રામ સાંભરે વૈરાગથી, રૂષિ જ્ઞાન ઘોડે ચડયા;
વિચાર કરતાં ગામ આવ્યું, ધામ દેખિ ભૂલા પડયા.

### કડવું ૧૩મું–રાગ રામગ્રી.

શુકજી ભાખે હરિગુણ ગ્રામજી, દીઠું સુંદર કંચન ધામજી;
મેડી અટારી અદ્‌ભૂત કામજી, રૂષિ વિચારે ભૂલ્યો ઠામજી.

### ઢાળ.

ઠામ ભૂલ્યો પણ ગ્રામ નિશ્ચે, ધામ કોઇ ધનવંતનાં;
એ ભુવનમાં વસતા હશે, જેણે સેવ્યાં ચરણ ભગવંતનાં.

એવું વિચારી વિપ્ર વળિયો, બહુ નગર અવલોકન કરી:
રૂષિ ઇચ્છા આણી સર્વ જોતા, તે ભવન પાછળ ફેરા ફરી.
પછી સુદામો પડ્યા સાંસામાં, વિચાર કરે વેગળા જઇ;
આ ભવન કોણે કર્યાં હશે, પર્ણકુટી મારી ક્યાં ગઇ.
એ વિશ્વાકર્મા રચી રચના, મનુષ પામર શું કરે;
કુટુંબ મારૂં ક્યાં ગયું, રૂષિ વામદક્ષિણ ફેરા ફરે.
કોઇ કીર્તિ બોલે હસ્તિ ડોલે, હયશાળામાં હય હણ હણે;
દાસી કનક કલશ ભરી પાણી લાવે, ઉભા અચુત સેવક આંગણે.
દુદુંભી વાજે ઢોલ ગાજે, મંડપ તાંડવ થાયછે;
મૃદંગ ધમકે ઘુઘરી ધમકે, ગીત ગુણીજન ગાય છે.
જોઇ સુદામે નિશ્વાસ મુક્યો, કોઇ છત્ર પતિનાં ઘર થયાં;
આશ્રમ ગયાનું દુઃખ નથી, પણ બાળક મારાં ક્યાં ગયાં.
હોમશાળા રૂદ્રાક્ષમાળા, મારિ પત્રકુશની સાદડી;
ગોપીચંદન સન્માર્જની ગઇ, વિપત્ય આવડી ક્યમ પડી.
દૈવની ગત્ય ગહન દિસે, પડ્યો પ્રાણ કર્મ આધીન:
કુટુંબ વિટંબની વેદના, હુંને દૈવે દંડ્યો દીન.
ત્રુટી સરખી ઝુંપડી ને, લુંટી સરખી નાર;
સડ્યાં સરખાં છોકરાં, નવ મળ્યાં બીજી વાર.
સંકલ્પ વિકલ્પ કોટિ કરતાં, રૂષિ આવાગમન હિંડોળે ચહડ્યા;
બારિયે બેશી પંથ જોતાં, નિજ કંથ સ્ત્રીની દ્રષ્ટે પડ્યા.
સાહેલી એક સહસ્ત્ર લેઇને, સતિ જતિ પતીને તેડવા;
જળઝારી ભરિને નારી જાય, જાણે હસ્તીની કળશ રેડવા.
હંસ ગવનીને હર્ષ પૂરણ, અભિલાષ મનમાં ઇચ્છિયા;
ઝાંઝર ઝમકે ઘુઘરી ઘમકે, વાજે અણુવટ વીંછિયા.
સુદામે જાણી આવી રાણી, ઈંદ્રાણી કે રૂકમણી;
સાવીત્રી કે સરસ્વતી, કે શક્તિ શિવશંકર તણી.
સાહેલી સહુ વીંટી વળી, પદમની લાગી પાય;
પૂજા કરીને પાલવ ગ્રહ્યો, તવ રૂષિજી નાઠા જાય:
થરથર ધ્રુજે ને કાંઇ ન સુજે, છુટી જટા [illegible] શીશ;

હસ્ત ગ્રહવા જાય સુંદરી, તવ રૂષિજી પાડે ચાશ.
હું તો સેજે જોઉછું ઘર નવાં, મને નથી કપટ વિચાર;
હું તો વૃદ્ધ ને તમો જોબન નારી, છે કઠણ લોકાચાર.
ભોગાસક્ત હું નથી આવ્યો, મને પરમેશ્વરની આણ;
જાવાદો મને કાં દમોછો, તમને હજો કલ્યાણ.
આંગણામાં કોઇ નર નથી, આ દીસે સ્ત્રીનું રાજ્ય;
તમને પાપણિયો પરમેશ્વર પુછશે, હુંને કાં આણોછો પાજ્ય.
રૂષિ પત્ની કહે સ્વામી મારા, તમે રખે દેતા શાપ;
દારીદ્ર ગયાં નવાં ઘર થયાં, શ્રીકૃષ્ણ ચરણ પ્રતાપ.
એવું કહી કર ગ્રહીને ચાલી, તું સાંભળ પરિક્ષત ભૂપ;
સુદામો પેઠા પોળમાં, થયું કૃષ્ણ સરખું રૂપ.

## વલણ.

રૂપે બીજા કૃષ્ણજી, જરા ગઇ ને જોબન આવિયું;
એલડીએ વળગ્યાં દંપતી, જાણે કામજોડું લગ્નવિયું.

## કડવું ૧૪મું— રાગ ધનાશ્રી.

નિજ મંદિર સુદામો ગયા, તતક્ષણ કૃષ્ણજી સરખા થયા;
દંપતિ રાજ્ય શોભાએ ભર્યા; શ્રીકૃષ્ણે દુઃખ દોહિલાં હર્યાં.

## ઢાળ.

દોહલાં ગયાં ને શોહેલાં થયાં રે. ભર્યાં ભવન લક્ષ્મી વડે;
એક મુષ્ટિ તાંદુલ આરોગ્યા, તે લક્ષ જન્મે નવ જડે.
વસન, વાહન, ભોજન, ભૂષણ ભવ્ય ભંડાર;
ચામર, આસન, છત્ર બિરાજે. ઇંદ્રનો અધિકાર.
મેડી અટારી છજાં જાળી, ઝળકે મિનાકારી કામ;
સ્ફટિક મણિયે સ્થંભ જડયાછે, કૈલાસ સરખું ધામ.
વિશ્વકર્મા ભૂલે બ્રહ્મા, જોઇ ભવનનો ભાવ;
માણુક મુક્તા રત્નહીરા, ઝવેર જોત્ય જડાવ.
ઝારી ઝોળા ઘડા ગાગર, સર્વે કનકનાં પાત્ર;
સુદામાના વૈભવ આગળ, કુબેર તે કોણ માત્ર.

ત્યાં જાચકનાં બહુ જુથ આવે, નિર્મુખ કોઇ ન જાય;
જેને સુદામો દાન આપે, લક્ષપતિ તે થાય.
રૂષિ સુદામાના પુર વિષે,. ન મળે દરિદ્રિ કોય;
કોટી ધ્વજ ને લક્ષદીપક, અકાળ મૃત્યુ ન હોય,
યદ્યપી વૈભવ ઇંદ્રનો પણ, રૂષિ રહેછે ઉદાસ;
નીજોગ રાખે જોગનો, થઇ ગૃહસ્થ પાળે સન્યાસ.
વેદાધ્યયન અગ્નિહોત્ર હોમે, રાખે પ્રભુનું ધ્યાન;
માળા ન મૂકે ભક્તિ ન ચુકે, એવા વૈષ્ણવ રૂષી ભગવાન.
સુદામાનું ચરીત્ર સાંભળે, તેનું દુઃખ દારીદ્ર જાય;
ભવદુઃખ વામે મુક્તી પામે, મળે માધવરાય.
વીરક્ષેત્ર વડોદરૂં; ગુજરાત મધ્યે ગામ;
ચતુર્વેશી જ્ઞાતી બ્રાહ્મણ, ભટ પ્રેમાનંદ નામ.
સંવત સત્તર આડત્રીસમાં, શ્રાવણ શુદી નિદાન;
તીથિ તૃતીયા ને ભૃગુવારે, પદબંધ કીધું આખ્યાન.
ઉદર નીમીતે સુરત સેવ્યું, ને ગામ નંદરબાર;
નંદીપુરામાં કીધી કથા, જથા બુદ્ધિ અનુસાર.

## વલણ.

બુદ્ધમાને કથા કીધી, કરનારે લીલા કરી;
ભટ પ્રેમાનંદ નામ મીથ્યા, શ્રોતા બોલો જે હરી.

**સંપૂર્ણ.**

## મહાસુખપુસ્તકમાળા.

---

સરકારે મંજુર કરેલાં પુસ્તકો.

# સુંદરીગુણમંદિર.

ચોથી આવૃત્તિ. કીમત ૧૦ આના. ટપાલ ૧ આનો
ઘરસંસાર અને નીતિની કેળવણી માટેના આ
ઉત્તમ પુસ્તકની હજારો નકલ ખપી જવાથી તેની
ચોથી આવૃત્તિ થઇ એજ તેના ઉપયોગી પણાનું
ઉત્તમ સરટિફિકેટ છે.

---

# મહાસુખબોધમાળા.

વ્યવહાર નીતિના ૩૬ નિબંધ, કીમત ૬ આના
બાળ, યુવાનને વૃદ્ધ સઘળાંએ સદ્બોધ લેવા લાયક છે.
નિબંધ લખતાં શીખવવાને તે સારામાં સારો શિક્ષક છે.

---

## સિવાય શાળોપયોગી પુસ્તકો.

| | |
|---|---|
| ભૂગોળ વિદ્યા (એશિયાખંડનું વર્ણન) છઠ્ઠી આવૃત્તિ | ૦-૩-૦ |
| પૃથ્વીનું વર્ણન. (ત્રીજી આવૃતિ.) | ૦-૩-૦ |
| મુંબાઇ ઇલાકાનું વર્ણન. (ત્રીજી આવૃતિ.) | ૦-૧-૬ |
| હિંદુસ્તાનનું વર્ણન. | ૦-૧-૦ |
| મુંબાઇની ભૂગોળ. (મુંબાઇના વર્ણન સહિત.) | ૦-૧-૦ |
| હિંદુસ્તાનનો ઇતિહાસ. (ત્રીજી આવૃત્તિ.) | ૦-૬-૦ |
| હિંદુસ્તાનનો ઇતિહાસ. (ભાગ પહેલો.) | ૦-૩-૦ |
| ગુજરાતનો ઇતિહાસ. (પાંચમી આવૃત્તિ.) | ૦-૧-૦ |

રચી છપાવી પ્રસિદ્ધ કર્તા.

**મહાસુખરામ હરગોવિંદદાસ દાણી; ભૂલેશ્વર, મુંબઇ**

# કપડવંજ--મિત્રમંડળ મુદ્રાલય.

**કપડવંજ મિત્રમંડળ મુદ્રાલય**—આ છાપખાનામાં ગૂજરાતી, અંગરેજી, મરાઠી વગેરે ભાષામાં હરકોઇ પ્રકારનું છાપવાનું કામ ઘણું સફાઇદાર અને શુદ્ધ રીતે નિયમિત વખતમાં તૈયાર કરી આપવામાં આવે છે.

**ભાવ**—આ છાપખાનામાં છાપવાના ભાવ બહુ સાધારણ, રાખ્યા છે. માટે કામ મોકલી તેના ભાવ વગેરેની પુછપરછ જાતે અથવા તો પોસ્ટપેડ પત્રવ્યવહારથી કરવા સઘળા સદ્‌ગૃહસ્થોને વિનતિ કરવામાં આવે છે.

**બુકડીપો**—આ કપડવંજ મિત્રમંડળ મુદ્રાલય આફીસમાં "બુકડીપો" પણ રાખવામાં આવીછે. તેમાં ગૂજરાતી, અંગરેજી, મરાઠી અને ઉર્દુ શાળાઓમાં ચાલતી સઘળી જાતની સરકારી ચોપડીઓ તથા નકશા અને અર્થ (મીનીંગ) વગેરે મળી શકશે. વળી ઈનામમાં આપવા તથા પુસ્તકાલયમાં રાખવા તેમજ વાંચનનાં અભ્યાસી અને શોખીન સ્ત્રી પુરૂષો સારૂ તેમના ખરનાં સુપ્રસિદ્ધ ગ્રંથકારોનાં ઉત્તમ પુસ્તકો, જેવાં કે અસરકારક જન્મ ચરિત્રો, રસિકવાર્તાઓ, બોધદાયક નાટકો તથા મનોરંજક કાવ્યો અને વિવિધ જાતનાં ગદ્યપદ્યાત્મક પુસ્તકો છુટક તેમજ જથાબંધ વેચાતાં વેલ્યુપેબલ અથવા તો રોકડી કીમતે મળી શકશે.

**કમીશનનો લાભ**—સઘળી જાતનાં અથવા તો એકજ જાતનાં જથાબંધ પુસ્તકો ખરીદનારને યોગ્ય કમીશનનો લાભ પણ આપવામાં આવશે.

આ છાપખાનાને લગતું તેમજ બીજા સઘળા પ્રકારનું કામકાજ તથા પત્રવ્યવહાર નીચલા શિરનામે ચલાવવા સર્વેને અરજ કરવામાં આવે છે.

**કપડવંજ—મિત્રમંડળ મુદ્રાલયના મેનેજર**

**કપડવંજ.**

## મિત્રમંડળ મુદ્રાલયનું કાર્તકી

# પંચાંગ

---

આ પંચાંગ કપડવંજના સુપ્રસિદ્ધ ગોપાળ જોશીના ચિરંજીવિ દુર્લભરામ તથા સોમેશ્વર જોશીની મદદથી રચવામાં આવ્યું છે એમાં પંચાંગનાં મુખ્ય પાંચ અંગ તીથિ વાર નક્ષત્ર યોગ-કરણ ને સર્વ સંપૂર્ણ જણાવ્યા ઉપરાંત પર્વ-તહેવાર અને ધર્મ નિયમ તથા બીજા ઉપરાંત જ્યોતિષ શાસ્ત્રને લગતી તેમજ સાંસારિક વ્યવહારિક જાણવા જોગ બાબતોનો ઉપયોગી સારો સંગ્રહ પણ આપવામાં આવ્યો છે. માટે આ પંચાંગ હિંદુઓ ઉપરાંત સઘળી કોમના લોકોને ઉપયોગી થઇ પડશે. આવા ઉપયોગી અને દળદાર મોટા પંચાંગની કીમત માત્ર બે આના રાખવામાં આવી છે. આ પંચાંગ દર વરસે કપડવંજ મિત્રમંડળ મુદ્રાલયના માલેકો તરફથી પ્રગટ કરવામાં આવે છે.

---